પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૬૯ | ૨૦ મે, ૨૦૧૭, શનિવાર ; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### તીરંદાજી વર્લ્ડકપમાં ભારતીય ટીમ

ભારતીય પુરૂષોની કમ્પાઉન્ડ ટીમે તીરંદાજી વર્લ્ડકપની સેમીફાઈનલમાં અમેરિકાને ૨ પોઈન્ટથી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતની ટીમે અમેરિકાના ૨૩૦ પોઈન્ટ સામે ૨૩૨ પોઈન્ટ કર્યા હતા. ભારત શનિવારે વર્લ્ડકપના ફાઈનલ મુકાબલામાં ૧૦મી રેન્કિંગ ધરાવતી કોલંબિયા ટીમ સામે ટકરાશે.

### કેજરીવાલની ડોક્યુમેન્ટરીને સેન્સર બોર્ડે અટકાવી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર બનેલી ડોક્યુમેન્ટરી ફિલ્મને સેન્સર બોર્ડે એનઓસી સર્ટીફિકેટ આપવાની ના પાડી છે. આ ફિલ્મમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષિતના અમુક ફુટેજ સામેલ છે. જેના કારણે પીએમઓની એનઓસી આવશ્યક હોવાનું જણાવી તેને અટકાવાઈ છે.

### સત્યેન્દ્ર જૈને કપિલ મિશ્રા સામે માનહાનીનો કેસ દાખલ કર્યો

દિલ્હીની આપ સરકારમાંથી સસ્પેન્ડ કરાયેલ કપિલ મિશ્રાએ આમ આદમી પાર્ટી વિરૂદ્ધ ઘણા આરોપો લગાવ્યા છે. જેમાં આરોગ્યમંત્રી સત્યેન્દ્ર જૈન પર બે કરોડની લાંચ કેજરીવાલને આપવાનો આરોપ પણ લગાવ્યો છે. જેના પગલે સત્યેન્દ્ર જૈને કપિલ મિશ્રા સામે માનહાનીનો કેસ દાખલ કર્યો છે.

# શિક્ષણ અને આરોગ્યને જીએસટીમાં મુક્તિ

**સર્વિસેજ ઉપર ચાર દરો : સિનેમા, સટ્ટાબાજી, રેસો ઉપર કુલ ૨૮ ટકા ટેક્સ રેટ રાખવાનો નિર્ણય : ૧૦૦૦થી ઓછા ભાડાવાળી હોટલ જીએસટી હદ બહાર : જીએસટી કાઉન્સિલની બેઠકમાં સર્વિસેજ ઉપર જીએસટીના દરો નક્કી કરાયા જીએસટીના ચાર દર ૫, ૧૨, ૧૮, ૨૮ ટકા રહેશે : જેટલીની જાહેરાત**




નવી દિલ્હી,તા. ૧૯

શ્રીનગરમાં જીએસટી કાઉન્સિલની બે દિવસીય બેઠકના બીજા દિવસે આજે સર્વિસેઝ પર જીએસટીના દર નક્કી કરવામાં આવતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. હેલ્થકરે અને એજ્યુકેશનને સર્વિસ ટેક્સની હદથી દુર રાખવામાં આવ્યા છે. આનો મતલબ એ થયો કે હેલ્થકેર અને એજ્યુકેશનને છૂટછાટ અને રાહતો મળતી રહેશે. સર્વિસેઝ ઉપર જીએસટીના ચાર દરો પાંચ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા રાખવામાં આવ્યા છે. નાણામંત્રી અરૂણ જેટલીએ કહ્યું હતું કે ટ્રાન્સપોર્ટ સર્વિસ ઉપર પાંચ ટકા ટેક્સ લાગુ કરવામાં આવશે. જ્યારે લકઝરી સેવા ઉપર ૨૮ ટકા ટેક્સ લાગુ કરવામાં આવશે. આજે જુદી જુદી સેવાઓ પર ટેક્સના સ્લેબ નક્કી કરવામાં આવ્યા હતા. હેલ્થકેર અને એજ્યુકેશનને રાહત અપાઈ છે. આને જીએસટીની હદમાંથી બહાર રાખવામાં આવ્યા છે. એન્ટરટેઈનેન્ટ ટેક્સને સર્વિસ ટેક્સમાં મર્જ કરી દેવામાં આવ્યો છે. ગુડ્સ, રેલવે અને એર ટ્રાન્સપોર્ટ ઉપર પાંચ ટકા ટેક્સ લાગુ થશે. આ જીએસટીના સૌથી નીચલા દરો છે. સીનેમા હોલ, સટ્ટાબાજી, રેસકોર્સ ઉપર ૨૮ ટકા

● અનુસંધાન પાન-૭ પર

# આઈસીજેમાં પરાજય બાદ પાકિસ્તાનમાં ખળભળાટ

**હવે નવી ટીમ બનાવાશે : પાકિસ્તાનમાં ભારે નારાજગી બાદ સરકારની તૈયારી : નવી ટીમ વધુ મજબૂતી સાથે પાકિસ્તાન તરફથી રજુઆત કરશે તેવી નવાઝ શરીફના વિદેશી મામલાઓના સલાહકાર સરતાઝ અઝીઝે દલીલ આપી**



નવી દિલ્હી,તા. ૧૯

ભારતીય નાગરિક કુલભૂષણ જાધવના કેસમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસમાં મળેલી કારમી હારથી પાકિસ્તાન ખૂબ જ પરેશાન છે. પાકિસ્તાન હચમચી ઉઠ્યું છે. હાર બાદ હવે પાકિસ્તાન નવી લીગલ ટીમ બનાવવાની પ્રક્રિયામાં વ્યસ્ત છે. ગુરૂવારના દિવસે ભારતની તરફેણમાં ચુકાદો આવ્યો હતો અને ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને ફાંસી આપવા પર બ્રેક મુકી દેવામાં આવી હતી. ત્યારબાદ પાકિસ્તાનમાં જોરદાર પ્રતિક્રિયા જોવા મળી હતી. પાકિસ્તાની મીડિયા અહેવાલ મુજબ દેશભરમાં દેખાઈ રહેલી નારાજગીથી બહાર નીકળવા માટે હવે પાકિસ્તાન સરકાર આઈસીજેમાં રજુઆત કરવા માટે નવા વકીલોની ટીમ બનાવી રહી છે. પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના વિદેશી મામલામાં સલાહકાર સરતાઝ અઝીઝે કહ્યું છે કે નવી ટીમ પાકિસ્તાનના પક્ષને મજબૂતી સાથે

● અનુસંધાન પાન-૭ પર

# કાર્તિ સામે પીએમએલએ કેસ દાખલ

**સીબીઆઈની એફઆઈઆર નોંધ લીધા બાદ કાર્યવાહી : કાર્તિ અને અન્યોની સંપત્તિમાં તપાસ કરવામાં આવશે : આરોપીઓની સાંપત્તિ જપ્ત કરવામાં આવે તેવા પણ સાંકેત**

નવી દિલ્હી,તા. ૧૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ભૂતપૂર્વ નાણાપ્રધાન પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ સામે આખરે મની લોન્ડરીંગ કેસ દાખલ કરી દીધો છે. અન્યો સામે પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેમની સામે હાલમાં જ સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરની નોંધ લીધા બાદ મની લોન્ડરીંગ કેસ દાખલ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ કહ્યું છે કે કેન્દ્રિય તપાસ સંસ્થાએ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફર્મેશન રિપોર્ટની નોંધણી કરી છે જે પોલીસ એફઆઈઆરની ઈડીની એકસમાન પ્રક્રિયા છે. કાર્તિ, આઈએનએક્સ મીડિયા અને તેના ડિરેકટરો પીટર અને ઈન્દ્રા મુખર્જી અને અન્યો સહિત સીબીઆઈની ફરિયાદમાં જે

● અનુસંધાન પાન-૭ પર






| Pouch Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 15 |
| 400g | 28 |
| 1kg | 55 |
| 5kg | 250 |

| Cup Pack | MRP*(₹) |
|---|---|
| 85g | 10 |
| 200g | 22 |
| 400g | 38 |

ફળોના રાજા કેરી માટે
ખાસ અગત્યની સુચના

તા. ૨૬/૫/૨૦૧૭ને શુક્રવારથી રમજાન માસ શરૂ થતો હોવાથી અમારી દુકાન સાંજે ૭.૦૦ વાગ્યે બંધ થશે. તકલીફ બદલ ક્ષમા

રહીમચાચા કેસર કેરીવાળા

નવદીપ કિરાણા પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં,
ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

# કિંગફિશર વિલ્લા બાદ મુંબઈ ફાર્મહાઉસ પર ઈડીનો કબજો

**૧૦૦ કરોડથી વધુની કિંમત હોવાના અહેવાલ : મહારાષ્ટ્રના કોકણ પ્રદેશના રાયગઢ જિલ્લા ખાતે સીફ્રન્ટ ફાર્મહાઉસ પર કબજો : ફાર્મહાઉસ કુલ ૧૭ એકરમાં છે**

નવી દિલ્હી,તા. ૧૯

ભારતમાંથી ફરાર થયા બાદ હાલમાં બ્રિટનમાં રહેલા શરાબ કારોબારી વિજય માલ્યા પર સકંજો વધુ મજબુત કરવામાં આવી રહ્યો છે. હવે મહારાષ્ટ્રના કોકણ પ્રદેશના રાયગઢ જિલ્લામાં ૧૦૦ કરોડની કિંમતના તેમના શી ફ્રન્ટ ફાર્મ હાઉસ પર ઈડી દ્વારા કબજો મેળવી લેવામાં આવ્યો છે. સત્તાવાર સુત્રો આ મુજબની માહિતી આપી છે. આ ફાર્મ હાઉસ બીચ ાસથે ૧૭ એકર વિસ્તારમાં છે. ઈડીએ કહ્ય છે કે માન્ડવા ફાર્મ્સ પ્રાઈવેટ લિમિટેટ સાથે જોડાયેલી આ સંપત્તિ પર હાલમાં નિષ્ક્રિય થયેલી કિંગ ફિશર એરલાઈન્સનો કબજો છે. કિંગ ફિશર એરલાઈન્સ વિજય માલ્યાની માલિકીની છે. માલ્યા હાલમાં બ્રિટનમાં છે. મુંબઈની કોર્ટ દ્વારા તેમને ફરાર જાહેર કરવામાં આવ્યા હતા. ૨૫મી એપ્રિલના દિવસે ઈડીએ આ પ્રોપર્ટી ખાલી કરી દેવા માટે કંપનીને

● અનુસંધાન પાન-૭ પર

# કોલસા કૌભાંડમાં પૂર્વ કોલસા સચિવ ગુપ્તા દોષિત

**ગુપ્તા ઉપરાંત અન્યોને પણ દોષિત : સીએ અમિત ગોયલ નિર્દોષ : પાટનગર દિલ્હીની ખાસ અદાલતે ચુકાદો આપ્યો : ૨૨મીએ સજાની જાહેરાત**

નવી દિલ્હી,તા. ૧૯

સનસનાટીપૂર્ણ કોલસા કૌભાંડના મામલામાં પાટનગરની ખાસ અદાલતે પૂર્વ કોલસા સચિવ એચસી ગુપ્તાને આજે દોષિત ઠેરવ્યા હતા. ખાસ સીબીઆઈ જજ ભારત પરાસરે કોલસા મંત્રાલયના તત્કાલિન જોઈન્ટ સેક્રેટરી કેએસ ક્રોફા, તત્કાલીન ડિરેકટર કેસી સામરીયા અને અન્યોને દોષિત ઠેરવ્યા હતા. આ તમામ લોકોને મધ્યપ્રદેશમાં થેસગોડા-બી રુદ્રપુરી કોલસા બ્લોકની ફાળવણી કેએસએસપીએલ ને કરવામાં આચરવામાં આવેલી અનિયમિતતાઓના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ તમામને સજા અંગેની જાહેરાત ૨૨મી મેના દિવસે કરવામાં આવશે. કોને કેટલી સજા ફટકારવામાં આવે તે અંગેનો

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે બુકિંગ માટે કુલ ૧૨૦૦૦ ટિકિટ કાઉન્ટર કેશલેસ થશે

**૧૫૦૦૦ પીઓએસ મશીન ઉપલબ્ધ કરાવવા માટેની બેંકોને સુચના**

નવી દિલ્હી,તા. ૧૯

રેલવે બુકિંગને ડિજિટલ કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. રેલવેએ આગામી છ મહિનામાં કેશલેસ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપવા માટેની યોજના તૈયાર કરી છે. રેલવે દ્વારા હવે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ સહિત કેટલીક બેંકોને રેલવે કાઉન્ટરો માટે આશરે ૧૫૦૦૦ પોઈન્ટ ઓફ સેલ મશીન ઉપલબ્ધ કરાવવા માટે કહ્યુ છે. આ મશીનો પૈકી ૧૦૦૦ મશીનો ૩૧મી ડિસેમ્બરના દિવસે મળી ગયા છે. હાલમાં રેલવેના કાઉન્ટરો પર ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ માટે પીઓએસ સર્વિસ ઉપલબ્ધ નથી. રેલવે બોર્ડના એક

● અનુસંધાન પાન-૭ પર










ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧